જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૮/૦૭/૨૦૨૦ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૧૨૫૪/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૭/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૧૯૯ | ૧ | ૧૦૨૦૦ | ૧૬૨૫૩ | ૧ | ૧૬૨૫૪ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૨૦ | ૬ | ૪૩૨૬ | ૫૮૩૬ | ૬ | ૫૮૪૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૩ | ૦ | ૪૩ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૩૪૭૬ | ૧૪૮ | ૧૩૬૨૪ | ૧૩૯૮૪ | ૧૫૨ | ૧૪૧૩૬ |
| | કુલ | ૨૮૦૩૮ | ૧૫૫ | ૨૮૧૯૩ | ૩૬૨૭૬ | ૧૫૯ | ૩૬૪૩૫ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૭ | ૯,૬૨,૮૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | 33૨૦ | ૬,૬૪,000/- |

# અપહરણકર્તા આરોપીની અટકાયતની વિગત

## ચાંદખેડા પોલીસ સ્ટેશન :-

## લગ્ન કરવાની લાલચ આપી ૧૪ વર્ષની બાળકીનુ અપહરણ કરી ભગાડી લઇ જનાર આરોપી તથા ભોગબનનારને ગણતરીના દિવસોમાં શોધી કાઢતી ચાંદખેડા પોલીસ

માનનીય પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'એલ' ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં દાખલ થયેલ અપહરણના ગુન્હાઓમાં આરોપી તથા ભોગબનનારને શોધી કાઢવા સુચના કરેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓના સુપરવિઝન હેઠળ અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૮૨૦૦૭૨૦/૨૦૨૦ ઇ.પી.કો. ૩૬૩,૩૬૬ તથા પોક્સો એક્ટ કલમ ૧૧(Vi),૧૨ મુજબના કામે ૧૪ વર્ષની બાળકીને લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરી ભગાડી લઇ જનાર આરોપી તથા ભોગબનનારને શોધી કાઢવા સારૂ આરોપીના મોબાઇલની કોલ ડીટેઇલ મંગાવી તેનુ ટેકનીકલ એનાલીસિસ કરતાં જેનુ છેલ્લુ લોકેશન સુરત ખાતેનુ મળી આવતાં સદરી ભોગબનનાર તથા આરોપીને શોધી કાઢવા સર્વેલન્સ સ્કોડને સુચના કરતાં સર્વેલન્સ સ્કોડના માણસોએ પોતાનુ ગુપ્ત બાતમીતંત્ર ઉભુ કરી ભોગબનનાર તથા આરોપી રાજકુમાર સ/ઓ શ્રીબુધ્ધુલાલ સુદર્શન જાતે- સોની ઉ.વ.-૨૫ ધંધો- નોકરી રહે, બુઆપુર પોસ્ટ- બલીકરનગંજ, થાના-માનધાતા, જી. પ્રતાપગઢ, ઉત્તરપ્રદેશ જેઓને સુરત ગોડાદરા રોડ ખાતેથી આરોપી તથા ભોગબનનારને શોધી કાઢી પ્રશસંનીય કામગીરી કરેલ છે આરોપીના પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવવા તજવીજ કરેલ છે



# લુંટના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમ બ્રાંચ:-**

## ગુરુકુળ રોડ પર મોબાઈલની દુકાનમા પ્રવેશ કરી દુકાનનું શટર પાડી ચપ્પુની અણીએ દુકાનદારને "તારુ મર્ડર કરવા આવ્યો છુ" તેવી ધમકી આપી લુંટ કરનાર ઇસમને લુંટમા ગયેલ મોબાઇલ ફોન તથા અન્ય ચોરીની મો.સા મળી કુલ કિ.રૂ.૧,૧૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી અટક કરી બે અનડીટેક્ટ ગુન્હાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની જાળવણી કરવા તથા મિલકત સબંધી ગુન્હાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારુ ખાસ પોલીસ કમિશ્નર શ્રી અજયકુમાર તોમર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબ નાઓએ આપેલ સુચના અનુસાર મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી. ગોહિલ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડ-૧ ના પોલીસ ઈન્સપેક્ટર શ્રી એન.આર.બ્રહ્મભટ્ટ નાઓની રાહબરી હેઠળ સ્કોડના પો.સ.ઈ. શ્રી વી.એન.ભરવાડ અને સ્ટાફના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે આરોપી અસ્ફાક ઉર્ફે દીના કાળુભાઇ મેમણ ઉ.વ.૨૮ રહે. મ.નં.એ ક/૨૩,શેખાવટી પ્લાઝા દાણીલીમડા ચાર રસ્તા પાસે અમદાવાદ શહેર નાઓને તા.૨૮/૦૭/૨૦૨૦ ના કલાક-૧૬/૪૫ વાગ્યે પકડી અટક કરી મોબાઇલ ફોન નંગ-૫ કિ.રૂ ૭૦,૦૦૦/- તથા ચોરીની પેશન પ્રો. મોસા કિ.રૂ.૪૦,૦૦૦/- મળી કુલ કિ.રૂ.૧,૧૦,૦૦૦/- નો મુદ્દામાલ સાથે પકડી અટક કરી નીચે મુજબના ગુન્હાઓ શોધી કાઢેલ છે.

**ડીટેક્ટ કરેલ ગુન્હાઓ :-**(૧)ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ફ.ગુ.રનં. ૧૧૧૯૧૦૪૪૨૦૦૭૦૮/ ૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૯૨ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ (૨) સરખેજ પોલીસ સ્ટેશન ફ.ગુ.રનં ૧૧૧૯૧૦૪૮૨૦૧૩૨૭/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ

**આરોપીનો ગુન્હાહિત ઈતિહાસ :-** આ કામે અસ્ફાક ઉર્ફે દીના કાળુભાઇ મેમણ નાનો અગાઉ રામોલ, ઇસનપુર, કાગડાપીઠ પોલીસ સ્ટેશનમા લૂંટ ના ગુનામાં પકડાયેલ છે, તેમજ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનામાં પકડાયેલ છે, એક વાર પાસા પણ ભોગવેલ છે



# ઘરફોડ ચોરીના આરોપીની અટકાયતની વિગત

**મેઘાણીનગર પોલીસ સ્ટેશન :-**

## રાત્રી દરમ્યાન ઘરમા પ્રવેશ કરી ઘરફોડ ચોરી કરનાર ચોર ઇસમોને ચોરીના સામાન સાથે શોધી પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

મે.પો.કમિ.શ્રી અ.વાદ શહેર તથા સં.પો.કમિ.શ્રી સેકટર-૨ તથા ના.પો.કમિ.શ્રી ઝોન-૪ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી જી-ડિવીઝન નાઓની સુચના આધારે તેમજ સીનીયર પોલીસ ઈન્સપેકટર ડી.જે.ચુડાસમા સાહેબ તથા સેકન્ડ પોલીસ ઈન્સપેકટર આર.આર.દેસાઇ સાહેબ મેઘાણીનગર પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન હેઠળ તાજેતરમા મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા થયેલ ઘરફોડ ચોરીના ગુના શોધી કાઢવા સારૂ સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઈન્સ. વી.એ.હરકટ તથા સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો તા.૨૭/૦૭/૨૦૨૦ ના રોજ મેઘાણીનગર પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઈન્સ. વી.એ.હરકટ તથા અનાર્મ **હે.કો સીરાજઅહેમદ લીયાકતઅલી બ.નં ૮૩૩૮** નાઓની સયુક્ત બાતમી હકિકત આધારે નીચે જણાવેલ ત્રણ ઇસમોને **ચોરી કે છળકપટથી મેળવેલ ચીજવસ્તુઓ ચાંદીની પાયલ જોડ નં-૧ ૨૨૮ ગ્રામ ૬૬૦ મીલી ગ્રામ વજનની કિ.રૂ.૮,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૦૫ ની કુલ્લે કિ.રૂ-૧૪,૨૦૦/- મળી કુલ્લે કિ.રૂ-૨૨,૨૦૦/- ની મત્તાનો મુદ્દામાલ પંચનામા વિગતે કબ્જે કરી આરોપીઓને તા:-૨૭/૦૭/૨૦૨૦ ના કલાક ૨૦/૧૫ વાગ્યે સી.આર.પી.સી કલમ ૪૧(૧)(ડી) મુજબ અટક કરી તપાસ દરમ્યાન મેઘાણીનગર પો.સ્ટે** પાર્ટ.A-ગુ.ર.નં-11191033200415/2020 I.P.C કલમ-457,380 મુજબનો ગુનો ડીટેક્ટ કરી આ ગુનામાં ચોરીએ ગયેલ મુદ્દામાલ કબ્જે કરી સારી અને પ્રશંષનીય કામગીરી કરેલ છે.

**આરોપીનું નામ સરનામુ :-** **(૧) ચેતન ઉર્ફે સોનુ સ/ઓફ રમેશભાઇ જાતે-ગોસ્વામી ઉ.વ-૨૧ ધંધો-છુટકમજુરી રહેવાસી-મણીલાલ મુખીની ચાલી ગ્રીન સીટીની સામે અસારવા શાહીબાગ અમદાવાદ શહેર તથા (૨) સંજય ઉર્ફે કાલુ સન/ઓફ શંકરભાઇ જાતે-પાટીલ ઉવ-૧૯ ધંધો-છુટકમજુરી રહેવાસી-સૈજપુર ટાવરની નીચે જાહેરમા કુષ્ણનગર અમદાવાદ શહેર તથા નં(૩) મોન્ટુ સન/ઓફ ભરતભાઇ જાતે-વ્યાસ ઉ.વ-૨૦ ધંધો-નોકરી રહેવાસી-ચતુરભાઇની ચાલી મોટો ઠાકોરવાસ સૈજપુર બોઘા કુષ્ણનગર અમદાવાદ શહેર**

**ગુ.ર.નં તથા કલમ :-** મેઘાણીનગર પો.સ્ટે પાર્ટ.A-ગુ.ર.નં-11191033200415/2020 I.P.C કલમ-457,380 મુજબ

**આરોપીઓ પાસેથી મળી આવેલ મુદ્દામાલ :-** **(૧) વીવો કંપનીનો નેવી બ્લ્યુ કલરનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન જેનો આઇ.એમ.ઇ.આઇ નંબર (૧) ૮૬૨૪૪૫૦૪૯૮૪૯૯૩૨ તથા (૨) ૮૬૨૪૪૫૦૪૯૮૪૯૯૨૪ નો હોય જેની કિ.રૂ-૪,૦૦૦/- ગણી શકાય તે તથા (૨) એક જોડી ચાંદીની પાયલ ૨૨૮/૬૬૦ ગ્રામ વજનની કિ.રૂ-૮,૦૦૦/- (૩) માઇક્રોમેક્સ કંપનીનો કાળા કલરનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન જેનો આઇ.એમ.ઇ.આઇ નં-(૧)૧:૯૧૧૫૯૨૯૦૫૫૭૭૭૩૪ તથા નં(૨) ૨:૯૧૧૫૯૨૯૦૬૫૭૮૨૩૬ જેની કિ.રૂ- ૨,૦૦૦/- ગણી શકાય. (૪) લાવા કંપનીનો સિલ્વર કલરનો મોબાઇલ ફોન જેનો આઇ.એમ.ઇ.આઇ**

નં-(૧)૧:૩૫૧૯૯૬૧૧૦૭૫૭૩૧૧ તથા નં(૨) ૨:૩૫૧૯૯૬૧૧૦૭૫૭૩૨૯ જેની કિ.રૂ- ૭૦૦/- (૫) એક વીવો કંપનીનો સફેદ ગોલ્ડ કલરનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન જેનો આઇ.એમ.ઇ.આઇ નંબર (૧)૮૬૬૦૩૫૦૩૯૪૪૨૭૭૧ તથા (૨)૮૬૬૦૮૫૦૩૯૪૪૨૭૬૩ નો જેની કિ.રૂ- ૫,૦૦૦/- (૬) એમ.આઇ કંપનીનો એસ કલરનો એન્ડ્રઓઇડ મોબાઇલ ફોન જેનો આઇ.એમ.ઇ.આઇ નં-(૧) ૮૬૬૪૬૪૦૩૪૬૨૨૦૮૪૦ તથા નં(૨) ૮૬૬૪૬૪૦૩૪૬૨૦૮૫૭ જેની કિ.રૂ-૨૫૦૦/- કુલ્લે મુદ્દામાલની કિ.રૂા ૨૨,૨૦૦/- ની મતાનો

**<u>કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી</u>** (૧) પ્રો.પો.સ.ઈ વી.એ.હરકટ (૨) મ.સ.ઇ દિલીપભાઇ ઇશ્વરભાઇ તથા (૩) પ્રો મ.સ.ઇ દિગ્વીજયસિહ ભરતસિંહ તથા (૪) અનાર્મ હે.કો સીરાજઅહેમદ લીયાકતઅલી તથા (૫) અનાર્મ હે.કો અશ્વિનભાઇ મણીલલ તથા (૬) અનાર્મ પો.કો યુવરાજસિંહ ભરતસિંહ બ.નં ૧૩૧૪૬ તથા (૭) અનાર્મ પો.કો મનોજસિહ મુકુંદસિહ તથા (૮) અનાર્મ પો.કો ચેતનસિહ રાજેન્દ્રસિહ તથા (૯) અનાર્મ લોકરક્ષક. અરુણસિહ યશપાલસિહ તથા (૧૦) અનાર્મ લોકરક્ષક રીતેશ નંદલલ તથા (૧૧) અનાર્મ લોકરક્ષક કિરણસિંહ ગોપાલસિંહ તથા (૧૨) અનાર્મ લોકરક્ષક જતીનકુમાર દિનેશભાઇ તથા (૧૩) અનાર્મ લોકરક્ષક નિરજસિહ ચંદ્રમાસિહ તથા (૧૪) અનાર્મ લોકરક્ષક ભદ્રેશસિહ બાબુભાઇ તથા બીજા સર્વેલન્સ સ્કોડના માણસો




# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## દાણીલીમડા પોલીસ સ્ટેશન :-

## છેલ્લા એક મહિનાથી ગૌ વંશના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી લેતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારના નાસતા ફરતા/પેરોલ જમ્પ આરોપીઓને પકડી લેવા **અંગેની સુચના મળતા** જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી વી.આર.વસાવા સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના આર.એસ.ગોહિલ પો.સબ.ઇન્સ.તથા સાથેના સ્ટાફના અ.હેડ.કોન્સ.વિજયસિહ રજુજી બ.નં.૯૦૩૬ તથા પો.કો.ગજેન્દ્રસિહ મખુભા બ.નં.૭૯૨૨ તથા પો.કો.રણજીતસિહ ટેમંતસિહ બ.નં.૧૩૯૪ તથા પો.કો.કમલેશકુમાર હસમુખલાલ બ.નં.૬૧૭૭ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના પો.કો. રણજીતસિહ ટેમંતસિહ તથા પો.કો.ગજેન્દ્રસિહ મખુભા નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે વડોદરા કારેલીબાગ પોલીસ સ્ટેશન એ પાર્ટ નં.૧૧૧૯૧૦૧૨૨૦૦૨૯૬/૨૦૨૦ ધી ઇ.પી.કો.કલમ-૩૭૯,૧૧૪ તથા પશુ સંરક્ષણ અધિ.કલમ-૫,૬,૬(ખ),૭,૮ મુજબ વિગેરે છેલ્લા એક મહિનાથી નાસતા ફરતા આરોપી ઇલિયાસ ઉર્ફે મામા સાબીરભાઇ મેમણ ઉ.વ.૩૪ રહે : લોધીનો લીબડો ઘાંચી ઢાળ પાસે નવા ગામ ધોળકા તા.ધોળકા જિ.અમદાવાદ નાને સી.આર.પી.સી.કલમ-૪૧(૧) આઇ મુજબ પકડી લઇ સદરી આરોપીને વડોદરા ક્રાઇમ બ્રાન્ચ ખાતે સોપવા તજવીજ કરેલ છે.

# તડીપાર આરોપીની અટકાયતની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશન

### અમદાવાદ શહેર ,અમદાવાદ ગ્રામ્ય , ગાંધીનગર, ખેડા, મેહસાણા જીલ્લાઓમાંથી તડીપાર ઇસમને પકડતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ'ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે સર્વેલન્સ સ્કવોડના સ્ટાફના માણસો સાથે તડીપાર ઇસમો ચેક કરવા સારૂ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી હકીકત આધારે મે.મદદનીશ પોલીસ કમિ.શ્રી, 'સી'ડીવીઝન, અમદાવાદ શહેરના હદપારી હુકમ ક્રમાંક:સી/વહટ/૦૧/૧૯ તા.૧૮/૦૪/૨૦૧૯ ના હુકમ આધારે બજવણી તારીખથી બે વર્ષ માટે તડીપાર ઇસમ માકુભાઇના છાપરા ગેટ નં.૧ ખાતે મળી આવતા જીપીએકટ કમલ-૧૪૨ મુજબ તા.૨૮/૦૭/૨૦૨૦ ના કલાક.૧૩/૧૫ વાગે પકડી અટક કરી સારી કામગીરી કરેલ છે.

**આરોપીનું નામ ;-** નિલેશ સ./ઓ.ગિરીશભાઇ જાતે-વાઘેલા ઉ.વ.૨૨ ધંધો.છુંટક મજુરી રહે-માકુભાઇના છાપરા,ગેટ નં.૧,ગિરધરનગર, શાહીબાગ,અમદાવાદ શહેર

**કામગીરી કરનાર અધિ./કર્મચારી;-** પો.સબ.ઇન્સ.આર.પી.ડાભી તથા અ.હે.કો.પ્રદિપસિંહ શિવસિંહ બ.નં.૯૬૬૭ તથા અ.હે.કો.રોહીતસિંહ રણજીતસિંહ બ.નં.૫૬૮૨ તથા અ.હે.કો.અલ્પેશકુમાર અમૃતલાલ બ.નં.૪૯૮૩ અ.પો.કો.રાજેશ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો.ભુપેંદ્રકુમાર કરશનભાઇ બ.નં.૪૬૧૮ તથા અ.પો.કો.કુલદિપસિંહ ઘનશ્યામસિંહ બ.નં.૫૧૧૧ તથા અ.પો.કો.રાજદિપકુમાર ચતુરભાઇ બ.નં.૫૭૫૮ તથા અ.પો.કો.જીતેન્દ્રકુમાર અળખાભાઇ બ.નં.૫૧૧૯ તથા અ.લો.ર. અંકિતસિંહ મહેંદ્રસિંહ બ.નં.૧૨૪૧



# જુગારના આરોપીની અટકાયતની વિગત

## કૃષ્ણનગરપોલીસ સ્ટેશન :-

## પ્રોહી/જુગાર ની મેગા ડ્રાઇવ દરમ્યાન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન જુગાર નો ગણનાપાત્ર કેશ સોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ

મે.ડી.જી.પી.શ્રી ગુજરાત રાજય નાઓ તરફથી પ્રોહી/જુગાર ની તા.૧૫/૦૭/૨૦૨૦ થી તા.૩૧/૦૭/૨૦૨૦ સુધી મેઘા ડ્રાઇવનું આયોજન કરેલ હોય જે અનુસંધાને મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જી” ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર ખાતે પ્રોહીબીશન/જુગારની પ્રવૃત્તી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ સુચનાઓ આપેલ હોય જે અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ અમદાવાદ શહેર તથા મદદનીશ પો.કમિશ્નર શ્રી “જી” ડિવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ શ્રી જે.કે.રાઠોડ સાહેબ નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી/જુગારની પ્રવૃત્તી ની શોધ-ખોળ સારૂ તેમજ કોરાના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કર્ફ્યુના સમયે કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ તા.૨૬/૦૭/૨૦૨૦ ના કલાક,૨૩/૦૦ થી પો.સ્ટે વિસ્તારમાં સઘન પેટ્રોલિંગમાં હતા દરમ્યાન તા.૨૭/૦૭/૨૦૨૦ ના ક.૦૦/૧૦ વાગે બાપા સીતારામ ચોક ખાતે આવેલ અ.પો.કો.હિતેષકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે “ સ્વામીનારાયણ ફ્લેટ મ.ન.ડી/૩,માં સંદિપભાઇ રવિભાઇ બડગુજર નાઓ પોતાના આર્થીક ફાયદા સારૂ બહારથી માણસો બોલાવી પૈસા પાના થી હાર જીતનો જુગાર રમે રમાડે છે “ વિગેરે હકિકત આધારે સદરી જગ્યાએ નાયબ પોલીસ કમિશ્નનર શ્રી ઝોન-૪ અમદાવાદ શહેર નાઓના જુગાર ધારા કલમ-૬ મુજબના વોરંટ નંબર-૧૯૩/૨૦ તા,૧૨/૦૭/૨૦૨૦ ના ઇશ્યુ થયેલ વોરન્ટ આધારે પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ નાઓએ સ્ટાફના માણસો મારફતે પંચોને સાથે રાખી સદરી જગ્યાએ ચારેય બાજુ ખાનગી રીતે ગોઠવાઇ જઇ મકાન ની અંદર રેઇડ કરી પાંચ ઇસમોને જગ્યા ઉપરથી પકડી પાડી તા.૨૭/૦૭/૨૦૨૦ ના ક.૦૧/૧૫ વાગે અટક કરી જુગાર ધારા કલમ-૪,૫ મુજબની કાયદેસરની કાર્યવાહી કરી જુગારનો ગણનાપાત્ર ક્વોલીટી કેશ સોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે તા.૨૭/૦૭/૨૦૨૦

**આરોપીઓના નામ:-** નં-(૧)સંદિપભાઇ સ/ઓ રવિન્દ્રભાઇ બડગુજર ઉ.વ.૩૦ રહે,મ.નં-ડી/૩,સ્વામીનાયણ ફ્લેટ બાપાસીતારામ ચોક પાસે કૃષ્ણનગર અમદાવાદ શહેર તથા નં-(૨)મયુરભાઇ સ/ઓ રવિન્દ્રભાઇ બડગુજર ઉ.વ.૩૧ રહે,મ.નં-ડી/૩,સ્વામીનાયણ ફ્લેટ બાપાસીતારામ ચોક પાસે કૃષ્ણનગર અમદાવાદ શહેર તથા નં-(૩)જૈમીનભાઇ સ/ઓ પરેશભાઇ જાતે પટેલ ઉ.વ.૩૪ રહે-મ.ન.એ/૧૦૯,મીરાપાર્ક સોસાયટી નારાયણનગર પાસે નિકોલ અમદાવાદ શહેર તથા નં-(૪)પ્રવિણસિંહ દયારામ જાતે ચૌહાણ ઉ.વ.૨૯ રહે-મ.ન.૪,કાળાવદાની

ચાલી લીલાનગર નિકોલ અમદાવાદ શહેર તથા નં-(૫)નિતીનકુમાર સંતોષસિંહ જાતે કુશવાહ ઉ.વ.૩૧ રહે-મ.ન.સી/૨૦,તેજેન્દ્ર પ્રકાશ સોસાયટી ખોડીયારનગર ઓઢવ અમદાવાદ શહેર

**મુદ્દામાલ-** અંગજડતીના નાંણા રૂ.૧૩,૨૦૦/-તથા દાવના નાંણા રૂ.૧,૨૦૦/-તથા નાળના નાંણા રૂ.૧,૦૦૦/-મળી કુલ્લે રોકડ રૂ,૧૫,૪૦૦/-તથા ગંજીપાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મોબાઇલ નંગ-૩ કુલ્લે કિ.રૂ.૧૦,૫૦૦/-તથા એક એકટીવા કિ.રૂ.૩૦,૦૦૦/-મળી કુલ્લે રૂ,૫૫,૯૦૦/-ના મુદ્દામાલ **જુગાર રમવાના સાધનો**

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

**સર્વેલન્સ** પો.સબ.ઇન્સ શ્રી **વી.એમ.ગોહિલ** તથા સાથેના સ્ટાફના માણસો અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.ન.૬૮૧૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિતેષકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા બીજા સ્ટાફના માણસો



# પ્રોહીબીશનના આરોપીની અટકાયતની વિગત

**નારોલ પોલીસ સ્ટેશન :-**

**નારોલ પમ્પિંગ સ્ટેશન પાસે આવેલ તાઈફા રો-હાઉસના મ.નં.૧ ની સામે બે મોટી પતરાની પેટીઓમાંથી ભારતીય બનાવટના વિદેશીદારૂની ૭૫૦ મીલીની સીલબંધ બોટલ નંગ.૩૭૨ કિ.રૂ ૧,૮૬૦૦૦/- ની મત્તાના વિદેશીદારુના ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ**

મે.પોલિસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન અનુસાર પ્રોહિબીશનની પ્રવૃતિ સદંતર નેસ્તનાબુદ કરવા સારુ રાખેલ ડ્રાઈવ સબંધે પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓના સીધા સુપરવિઝન હેઠળ પ્રોહી તથા જુગારની પ્રવૃતિ સબંધે અસરકારક કામગીરી કરવા સુચના મળતા આજરોજ નારોલ પોલીસ સ્ટેશનના મ.સ.ઈ.અમૃતજી અળખાજી નાઓ સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ રાઉન્ડમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન ફરતા ફરતા કલાક કલાક ૦૦૩૦ વાગે નારોલ નારોલ સદાની ધાબી પાસે આવતાં સાથેના પો.કો.હરદીપસિંહ વિજયસિંહ નાઓને બાતમી હકીકત મળેલ કે ‘નારોલ પમ્પિંગ સ્ટેશન પાસે આવેલ તાઈફા રો-હાઉસના મ.નં.૧ ની સામે જાનમહોમદ ઉર્ફે ચાંદ લાલમહમદ શેખ રહે-મ.નં.૫૬ અમનનગર ના છાપરા રાજપુર ગોમતીપુર અમદાવાદ શહેર નામના ઈસમે કેટલોક ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો બે મોટી પતરાની પેટીઓમાં ભરી રાખી વેચાણ કરવા સારૂ મુકી રાખેલ છે’” જે બાતમી હકીકત આધારે સદરી જ્ગ્યાએ બે પંચો રૂબરૂ રેઈડ કરતાં તાઈફા રો-હાઉસના મ.નં.૧ ની સામે બે પતરાની મોટી પેટીઓમાથી ભારતીય બનાવટના વિદેશીદારૂની ૭૫૦ મીલીની MC DOWELLS NO.1 SUPERIOR WHISKY ORIGNAL લખેલ સિલબંધ બોટલ નંગ-૩૭૨ જે એક બોટલની આશરે કિં.રૂ.૫૦૦/- લેખે ગણી કિં.રૂ.૧,૮૬૦૦૦/- મત્તાનો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરી ઉપરોકત નહી મળી આવેલ જાનમહોમદ ઉર્ફે ચાંદ લાલમહમદ શેખ રહે-મ.નં.૫૬ અમનનગર ના છાપરા રાજપુર ગોમતીપુર અમદાવાદ શહેરનાઓના વિરુધ્ધમાં નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૦૦૬૯૨/૨૦૨૦ ધી પ્રોહી.એકટ કલમ ૬૫(એ)(ઈ), ૬૬(બી),૧૧૬ (બી) ૮૧ મુજબનો ગુનો રજીસ્ટર કરી વિદેશીદારુનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:



અ.મ.સ.ઈ.અમૃતજી અળખાજી બ.નં.૫૫૬૨ તથા અ.પો.કો.હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૧૧૮૭ અ.પો.કો.શક્તિસિંહ ઉદેસિંહ બ.નં.૫૭૩૩ તથા પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા પો.કો.રામદેવસિંહ જયેન્દ્રસિંહ બ.નં.૮૨૭૬ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિહ બ.નં.૯૯૫૮ તથા બીજા સ્ટાફના માણસો



## વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન :-

પોલીસ કમીશ્નર શ્રી આશીષ ભાટીયા સાહેબ તથા મ્હે.સંયુક્ત પો.કમિ.શ્રી, સેકટર-૧ સાહેબ તથા ના,પો.કમિ.શ્રી, ઝોન-૧ શ્રી પી.એલ.માલ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી, “એ” ડીવીઝન શ્રી એમ.એ.પટેલ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા કોરોના મહામારી ના વધતા જતા કેસો માં ઘટાડો થાય તે હેતુથી જન જાગૃતિ ફેલાવવા બાબતે જરૂરી સુચના તેમજ માર્ગદર્શન આપેલ

જે અનુસંધાને આજરોજ ડીસીપી ઝોન વન શ્રી પીએમ માલ સાહેબ ની આગેવાનીમાં વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન તેમજ રંજનબેન રમણલાલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કોરોના મહામારી ના સમયમાં વધતા જતા કેસોને અટકાવવા જન જાગૃતિ ફેલાવવાના હેતુથી માસ્ક વિતરણ, સોશિયલ distance, સમયાંતરે ૨૦ સેકન્ડ હાથ ધોવા, જેવી કોરોના મહામારી પર જીત મેળવવાની ચાવીઓ બાબતે જાગૃતિ ફેલાવવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ





# પાસા આરોપીની અટકાયતની વિગત

## ઓઢવ પોલીસ સ્ટેશન :-

## પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

ઓઢવ પોલીસ સ્ટેશન અમો પોલીસ ઇન્સ્પેક્ટર આર.જી.જાડેજા તરફથી અસામાજીક ગુના કરવાની ટેવવાળા ઇસમ વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલવામાં આવેલ આવા ગુન્હાઓ કરતા ઇસમ ઉપર અંકુશ રહે તે સારૂ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિતેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી “આઈ” ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ “જાહેર સલામતી અને વ્યવસ્થા” વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને નિસર્ગ ઉર્ફે ભગો જગદિશભાઇ દરજી નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં-**PCB/DTN/PASA/568/20** તા.27/07/2020 ના હુકમ આધારે પાસા અટકાયટીને વોરંટની બજવણી કરી સુરત મધ્યસ્થ જેલ મોકલી આપી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે. તા-૨૭/૦૭/૨૦૨૦.

**→ પાસા અટકાયતી:**

નિસર્ગ ઉર્ફે ભગો જગદિશભાઇ દરજી ઉ.વ.૨૧ રહેવાસી- મ.ન.-સી/૭૫૨ મુનીસુવ્રતસ્વામી સોસાયટી આદીનાથનગર ઓઢવ, અમદાવાદ શહેર

**→ કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:**

પો.સબ.ઇન્સ આર.એ.ઝાલા અ.હેડ.કોન્સ રાજેશભાઇ રમેશભાઇ બ.નં-૬૭૭૯ લોકરક્ષક હરદેવભાઇ અજાભાઇ બ.નં.૧૫૩૦ લોકરક્ષક દિગ્વીજયસિંહ જગદિશસિંહ બ.નં-૧૧૭૪૫ લોકરક્ષક કરણ ગીરધરભાઇ બ.નં-૧૨૭૮૧

## ગુના નિવારણ શાખા :-

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ <u>તા.૨૭.૦૭.૨૦૨૦</u> નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલક્ત સબંધી, શરીર સબંધી, પ્રોહીબીશન સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના સાબરમતી તથા ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાથી પોતાના સાગરીતો સાથે મળી ફરીયાદીની દુકાનના લોક તોડી દુકાનમા પ્રવેશ કરી રોકડા નાણા તથા ડીવીઆરની ચોરી કરી લઈ જઈ એકબીજાના મેળાપીપણામા આર્થીક નાણાકીય લાભા મેળવવાના ઈરાદે જાહેર જનતા ને આર્થીક નુકશાન કરી અસામાજીક પ્રવૃતિ આચરી જાહેર જનતામા અસાલામતીની દહેશન પેદા કરનાર ઈસમ નામે રમણીક શાંતીલાલ સોની રહે.ગાયત્રી નગર રખેવાળ પ્રેસ પાછળ ડીસા તા.ડીસા જિ.બનાસકાંઠા વિરુધ્ધમા પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | રમણીક શાંતીલાલ સોની રહે.ગાયત્રી નગર રખેવાળ પ્રેસ પાછળ ડીસા તા.ડીસા જિ.બનાસકાંઠા |

- અમદાવાદ શહેરના કૃષ્ણનગર તથા રામોલ પો.સ્ટે. વિસ્તારમા ફરીયાદીએ જાહેર રોડ ઉપર પાર્ક કરેલ એકટીવાનુ લોક તોડી ચોરી કરી લઈ જનાર તેમજ અન્ય કિસ્સામા ચાલતા જતા ફરીયાદીના ગળામાથી સોનાની ચેઈન ઝુંટવી ચીલઝડપ કરી ચોરી કરી લઈ જનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે મયુર ઉર્ફે હુકમ મુન્નાભાઈ યાદવ રહેવાસી- મ.ન.૭૧ રાજાવીર સોસાયટી ઠક્કરનગર કૃષ્ણનગર અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | મયુર ઉર્ફે હુકમ મુન્નાભાઈ યાદવ રહેવાસી- મ.ન.૭૧ રાજાવીર સોસાયટી ઠક્કરનગર કૃષ્ણનગર અમદાવાદ શહેર |

- અમદાવાદ શહેરના ખોખરા પોસ્ટે વિસ્તારમા દેશી દારુ જનતાના સ્વાસ્થયને હાની કારક હોવા છતા મજકુર બહેન બાબુભાઈની ચાલી વટવા ગામ લાંભાગામ ખાતેથી અજાણ્યા ઈસમો પાસેથી ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો દેશીદારુ નો જથ્થો પોતાના રહેણાક આસપાસ ના વિસ્તારમા વેચાણ કરવાના ઈરાદે મંગાવી લાવી પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા વેચાણ કરવાના ઈરાદે મઁગાવી પોતાના સાગરિતો સાથે મળી પોતાના રહેણાક આસપાસ

વગર પાસ પરમીટના દેશી દારુ ના જથ્થાની હેરાફેરી કરી દેશીદારૂ નુ વેચાણ કરનાર બહેન નામે પુનમબેન તારાચંદ આન્ટે રહે.પંજાબીની ચાલી ભાઈપુરા ખોખરા અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | પુનમબેન તારાચંદ આન્ટે રહે.પંજાબીની ચાલી ભાઈપુરા ખોખરા અમદાવાદ |

- આ ઉપરાંત પ્રોહીબીશન સંબધી તથા શરીરસબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ ૭ ઇસમો મળી **કુલ્લે ૧૦ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને સુરત જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૫૫/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૪ કેસ કરી, ૫૭ વ્યક્તિઓને ઝડપી, ૬૬૯ લીટર દેશી દારૂ, ૧૬૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ સ્કૂટર, ૨ મોટર સાયકલ અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧૩ કેસ કરી ૩૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૯,૨૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૫૬/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૨૫૭/૨૦૨૦

**સોલા હાઈકોર્ટઃ** ડૉ. પિનલ વિનુભાઈ વસાણી (ઉ.વ.૨૬) (રહે. રૂમ નંબર-૪૧૦ પી.જી. હોસ્ટેલ સોલા સીવીલ કેમ્પસ સોલા) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૭/૨૦૨૦ બપોરના ૧૨/૪૫ થી ૧૧૫ વાગ્યા સુધીના સમયગાળા મોબાઈલ નંબર ૭૫૮૨૮૪૧૮૮૭ ના ધારકે ફોન કરી " હું એક્સીસ બેંક ક્રેડીટ કાર્ડ ડીપાર્ટમેન્ટ માંથી વાત કરુ છું" તેમ કહી વિશ્વાસમાં લઈ ડૉ.પિનલ વસાણીના એક્સીસ બેંક ક્રેડીટ કાર્ડની માહીતી મેળવી લઈ તેમજ મોબાઈલમાં આવેલ ઓટીપી નંબર મેળવી લઈ ડૉ.પિનલ વસાણીના એક્સીસ બેંક ક્રેડીટ કાર્ડના ખાતામાંથી ઓનલાઇન ટ્રાંઝેક્શન કરી કુલ રૂપિયા ૧,૪૦,૦૦૦/- ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.વી.રાઠોડ ચલાવે છે.

**વાડજઃ** કિંજલ નિકૂંજભાઇ શાહ (ઉ.વ.૩૯) (રહે.સુભી પાર્ક ઝવેરી પાર્ક જૈન ફ્લેટ સામે જુના વાડજ) એ તા.૨૭/૦૭/૨૦૨૦ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૧/૨૦૨૦ સાજના ૬/૩૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૯૮૫૧૫૦૩૮૭૦ ના ધારકે ફોન કરી કિંજલ શાહનુ કે.વાય.સી. અપડેટ કરવાની વાત કરી કે.વાય.સી. અપડેટ કરાવી આઇ.ડી.નંબર માંગી કિંજલ શાહના બેંક ઓફ બરોડા તથા દેના બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૫૧,૪૧૨/- ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એચ.સોલંકી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૨૫૮/૨૦૨૦**

**ઈસનપુરઃ** સુનિલભાઈ તાપીરામભાઈ મહાજન (રહે. જય સવૈયાનાથ સોસાયટી રાજબાગ સોસાયટીની બાજુમા કેનાલ રોડ ઉપર અમુલ પાર્લર સામે ઘોડાસર) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૭/૨૦૨૦ રાતના ૧/૩૦ વાગ્યાથી સવારના ૫/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના ધાબાની સીડી વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના, ચાંદીના સિક્કા, ચાંદીની વાટકી, મોબાઈલ ફોન નંગ-૩ અને રોકડ રૂપિયા ૨૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૮,૮૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.બારૈયા ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૫૯/૨૦૨૦**

**સરદારનગરઃ** સંધ્યાબહેન યોગેશભાઇ બ્રહ્મભટ્ટ (ઉ.વ.૫૭) (રહે.વ્રજભુમી સોસાયટી સારથી સોસાયટીની બાજુમાં ઉમા સ્કુલની પાસે નરોડા સરદારનગર) તા.૨૭/૦૭/૨૦૨૦ સવારના ૭/૩૦ વાગ્યાના સુમારે ઉમા સ્કુલ તથા કેતના સોસાયટીના કેદારનાથ મંદીરે જવાના ખાચામાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલા ઉપર આવેલ બે પુરૂષ સંધ્યાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૪,૦૦૦/- ખેચી ઝુટવી લઈ નાસી ગયા હતા.આ અંગેની ફરીયાદ સંધ્યાબહેને સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.સી.જાડેજા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૨૬૦/૨૦૨૦**

**ઘાટલોડીયાઃ** જતીનભાઈ બીપીનભાઈ શાહ (ઉ.વ.૨૮) (રહે. સરગમ એપાર્ટમેન્ટ ચાંદની એપાર્ટમેન્ટની બાજુમાં પારસનગર રોડ ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૭/૨૦૨૦ કલાક ૯/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શૈલેષભાઇ દલસંગભાઇ ચલાવે છે.

**વાડજઃ** ધૃવિલભાઇ ગીરીશભાઇ પટેલ (રહે. સ્વામિનારાયણ ક્રીશ્ટલ વિભાગ-૨ અર્જુન આશ્રમ રોડ નિર્ણયનગર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૭/૨૦૨૦ બપોરના ૨૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.પી.પરમાર ચલાવે છે.

**શહેરકોટડાઃ** સુરેન્દ્રસિહ અમૃતલાલ પરમાર (ઉ.વ.૩૩) (રહે. જગજીવનરામ સોસાયટી મીઠાપાણીની ટાંકીની પાછળ સરસપુર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૭/૨૦૨૦ સાજના ૭/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અનલકુમાર સોનજીભાઇ ચલાવે છે.

**વેજલપુરઃ** રસુલભાઇ અબ્દુલભાઇ કોઠારીયા (ઉ.વ.૪૩) (રહે. આયશા ડુપ્લેક્ષ અલ અસ્તાપાર્ક સોસાયટી અંદર કેનાલ પાછળ ફતેવાડી) એ કોરોના મહામારીના લીધે લોકડાઉન થતા ચારેક મહિનાથી કામ ધંધો મળતો ન હોઈ બેરોજગાર થતા આર્થિક સંકળામણના કારણે મનમાં લાગી આવતા તા.૨૦/૦૭/૨૦૨૦ રાતના ૨/૩૦ વાગ્યાના સુમારે ઝેરી દવા પી પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.જ્યાં સારવાર દરમ્યાન તા.૨૭/૦૭/૨૦૨૦ કલાક ૧૧/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણછોડભાઇ મથુરભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી